## આંક–૦૫ લગત હુકમ

૧.) વાદીઓ/અરજદારો દ્વારા હાલની અરજી સીવીલ પ્રો. કોડ ઓર્ડર ૩૯, રુલ ૧,૨ તેમજ કલમ ૧૫૧ મુજબ હંગામી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.

૧.૧) વાદીઓ/અરજદારો ની અરજીની ટુંકમાં હકીકત જોઈએ તો, વાદીઓ તથા પ્રતિવાદી નં. ૧ અને ૨ દાવા અરજીમાં જણાવેલ સરનામે રહે છે. આ કામના પ્રતિવાદી નં. ૨ વાળા પ્રતિવાદી નં. ૧ ના પત્તિ છે તથા પ્રતિવાદી નં. ૩ અને ૪ ગુજરાત પંચાયત ધારા હેઠળ રચાયેલ સ્વાયત્ત સંસ્થાઓ છે. મોજે નવી સેધણી, તા. વડગામના ગામ પંચાયત મિલકત નં. ૨૫૪, ૨૫૪/૧ (પ્લોટ નં. ૧ થી ૪) તથા ગ્રામ પંચાયત મિલકત નં. ૨૫૫, વાદી નં. ૧ ની કાયદેસરની માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ આવેલ છે. તેમજ, મોજે નવી સેધણી, તા. વડગામના ગ્રામ પંચાયત મિલકત નં. ૪૧૮ વાળી મિલકત વાદી નં. ૨ ની કાયદેસરની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ આવેલ છે. વાદીઓના ગ્રામ પંચાયત મિલકત નં. ૨૫૪, ૨૫૪/૧, ૨૫૫, ૪૧૮ માં જવા આવવાનો કાયદેસરનો રસ્તો ગ્રામ પંચાયત મિલકત નં. ૨૫૪, ૨૫૪/૧, ૨૫૫, ૪૧૮ ની પૂર્વે થઈ દક્ષિણ તરફ આગળ વધી પ્રતિવાદી નં. ૧ ના પ્લોટ નં. ૯ ની પશ્ચિમે થઈ દક્ષિણ તરફ આગળ વધી નવી સેધણીથી ડભાડ ગામ તરફ જતા આર.સી.સી. રોડને મળે છે. સદરહુ રસ્તાનો વાદીઓ વર્ષોથી બિનરોકટોક ઉપયોગ કરતા આવેલ છે. ગ્રામ પંચાયત મિલકત નં. ૨૫૪, ૨૫૪/૧, ૨૫૫ અને ૪૧૮ ની કબુલાતમાં પણ સદરહુ રસ્તાની જમીન કાયદેસર રીતે દર્શાવવામાં આવેલ છે. જે રસ્તો "દાવાવાળા રસ્તા" છે.

૧.૨) વધુમાં, વાદી/અરજદાર તેઓની અરજીમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ ને મહે. તાલુકા વિકાસ અધિકારીશ્રી, વડગામના હુકમ નં. એ.૧. જમીન નં. હુકમ નં. ૨૦૦૨, તા. ૨૪/૦૬/૨૦૦૨ થી પ્લોટ નં. ૯ નો ૪૦ × ૨૦ = ૮૦૦ ચો. ફુટના માપનો ફાળવવામાં આવેલ છે. સદરહુ પ્લોટ નં. ૯ ની કબુલાતમાં પણ સદરહુ પ્લોટની પશ્ચિમે ૨૦ ફુટ પહોળો "દાવાવાળો રસ્તો" દર્શાવવામાં આવેલ છે. જે રસ્તો આ કામના પ્રતિવાદી નં. ૧ ના નામ કોર્ટમાં રે.દિ.મુ.નં. ૩૯/૨૨ દાખલ કરેલ ત્યાર સુધી ખુલ્લો હતો. પરંતુ આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૪ ના તદ્દન ખોટા હુકમ હેઠળ દાવાવાળા રસ્તામાં ગેરકાયદેસર રીતે તા. ૨૦/૦૭/૨૦૨૨ ના રોજ પથ્થર નાખી સદરહુ રસ્તાની જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરવાના બદઈરાદાથી દાવાવાળા રસ્તામાં અડચણ, અટકાયત કરેલ છે. પરંતુ વાદીઓને તેમની ગ્રામ પંચાયત મિલકત નં. ૨૫૪, ૨૫૪/૧, ૨૫૫ અને ૪૧૮ માં જવા આવવા માટેનો કાયદેસરનો રસ્તો પ્રતિવાદી નં. ૧ ના પ્લોટ નં. ૯ ની પશ્ચિમે આવેલ હોઈ, વાદીએ પ્રતિવાદી નં. ૧ ને રસ્તાની જમીનમાં બાંધકામ નહી કરવા માટે જણાવતા તેઓએ રસ્તાની જમીન તેઓની માલિકીની હોવાનું જણાવતા, વાદીએ તે અંગે તપાસ કરાવતા તેઓને જાણવા મળેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ પ્રતિવાદી નં. ૩ ના મેળાપીપણામાં ખોટી રીતે વાદીની જાણ બહાર માત્ર કાગળ ઉપર તદ્દન ખોટું જાહેર હરાજીનું પ્રોસીડીંગ ઉભું કરી રસ્તાની જમીનમાં તદ્દન ખોટી રીતે પ્લોટો મેળવેલ છે. ખરી હકીકતમાં, પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ પ્રતિવાદી નં. ૪ તાલુકા વિકાસ અધિકારીશ્રીના હુકમ નં. એ. ૧/જમીન/વશી/૩૪૯૨/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ થી જે જગ્યાએ પ્લોટો મેળવેલ છે, તે પ્લોટો પ્રતિવાદી નં. ૧

ને ફાળવવામાં આવેલ પ્લોટ નં. ૯ ની કબુલાતમાં જણાવેલ રસ્તાની જમીનમાં ફાળવવામાં આવેલ છે. જેથી, તે રસ્તાની જમીનમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ બાંધકામ કરે તો વાદીઓના મકાનોમાં જવાનો રસ્તો સદંતર બંધ થઈ જાય તેમ છે. તેમજ, પ્રતિવાદી નં. ૧ ના પ્લોટ નં. ૯ ની પશ્ચિમે માત્ર ૨૦ ફુટ પહોળા રસ્તાની જમીન આવેલ હોઈ, તે સ્થળે પ્રતિવાદી નં. ૧ અને ૨ ને પ્રતિવાદીનં. ૪ ના તા. ૦૪/૦૫/૨૦૧૭ ના હુકમથી ફાળવવામાં આવેલ પ્લોટ નં. ૧ અને ૨ બેસાડવામાં આવે તો ત્યારબાદ રસ્તાની કોઈ જમીન વધતી ન હોઈ, રસ્તાની જમીન પ્લોટ નં. ૧ અને ૨ માં કપાઈ જાય છે. જેથી, પ્રતિવાદી નં. ૧ અને ૨ ને પ્રતિવાદી નં. ૪ ના તા. ૦૪/૦૫/૨૦૧૭ ના હુકમથી ફાળવવામાં આવેલ પ્લોટની કબુલાતમાં જણાવ્યા મુજબ, તે પ્લોટ નં. ૧ અને ૨ ની પશ્ચિમે ૨૦ ફુટ પહોળા રસ્તાની જમીન સ્થળ ઉપર બાકી રહેતી નથી. તેમજ, જયારે પ્લોટ નં. ૯ ની પશ્ચિમે ૨૦ ફુટ પહોળો રસ્તો દર્શાવવામાં આવેલ છે તો પ્રતિવાદી નં. ૩ અને ૪ ને તેવા રસ્તાની જમીનની હરાજી કરવાનો કોઈ અધિકાર મળતો નથી. તેમ છતાં, પ્રતિવાદી નં. ૩ નાએ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના મેળાપીપણામાં તદ્દન ખોટુ હરાજીનું પ્રોસીડીંગ ઉભુ કરી ગેરકાયદેસર રીતે દાવાવાળા રસ્તામાં પ્લોટો ફાળવેલ હોઈ, પ્રતિવાદી નં. ૧ અને ૨ વાળા તેવા ગેરકાયદેસરના હુકમના ઓથા હેઠળ દાવાવાળા રસ્તામાં બાંધકામ કરવાના બદઈરાદાથી તા. ૨૦/૦૭/૨૦૨૨ ના રોજ દાવાવાળા રસ્તામાં પથ્થર નાખી અવરોધ, અટકાયત કરેલ હોઈ, વાદીઓએ પ્રતિવાદી નં. ૧ અને ૨ ને ગેરકાયદેસર રીતે દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ નહી કરવા જણાવેલ. જેથી, પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ બાંધકામ કરવાનુ બંધ કરેલ. પરંતુ વાદીઓ દીવાળીના પ્રસંગે

બહારગામ ગયેલ હોઈ, પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ વાદીઓની ગેરહાજરીનો લાભ લઈ બે દિવસ પહેલા ફરીથી દાવાવાળા રસ્તામાં પથ્થર નાખી બાંધકામ કરવાના પ્રયત્નો કરી રહેલ હોઈ, પ્રતિવાદીઓને તેમ કરતા અટકાવવા હાલનો દાવો લાવી હંગામી મનાઈહુકમ મેળવવાની અરજી કરવાની ફરજ પડેલ છે.

૧.૩) વધુમાં, વાદી/અરજદાર તેઓની અરજીમાં એવી હકીકત જણાવે છે કે, સને ૨૦૧૪ માં આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદીઓના પ્લોટોમાં આવવા જવાના રસ્તામાં પ્લોટો મેળવવા ગ્રામ પંચાયત સમક્ષ માંગણી કરેલ હોવાની વાદીને જાણ થતા વાદી નં. ૧ ના પતિ તથા નં. ૨ ના પિતાએ પ્રતિવાદી નં. ૩ અને ૪ ને પ્રતિવાદી નં. ૧ ને દાવાવાળા રસ્તાની જમીનમાં પ્લોટો નહી ફાળવવા અંગેની તા. ૦૫/૦૭/૨૦૧૪ ના રોજ વાંધા અરજી આપેલી. જેથી, તે સમયે પ્રતિવાદી નં. ૧ ને કોઈ પ્લોટ ફાળવવામાં આવેલ નહી. પરંતુ ત્યારબાદ સને ૨૦૧૭ માં આ પ્રતિવાદી નં. ૧ અને ૨ તથા પ્રતિવાદી નં. ૩ નાએ એકબીજાના મેળાપીપણામાં માત્ર કાગળ ઉપર તદ્દન ખોટુ જાહેર હરાજીનું પ્રોસીડીંગ ઊભું કરી વાદીઓની જાણ બહાર, તેમજ વાદીઓને સાંભળવાની કોઈ તક આપ્યા સિવાય પ્રતિવાદી નં. ૩ અને ૪ નાએ ગેરકાયદેસર રીતે આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ ને તેમના પ્લોટ નં. ૯ ની પશ્ચિમે આવેલ ૨૦ ફુટ પહોળા રસ્તાની જમીનમાં પ્લોટ નં. ૧ અને ૨ ફાળવી આપેલ હોઈ, વાદીઓને પ્રતિવાદી નં. ૪ તાલુકા વિકાસ અધિકારીશ્રીના હુકમ નં. એ. ૧/જમીન/વશી/૩૯૨/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ રદબાતલ ઠરાવવા તથા તે હુકમ આધારે પ્રતિવાદી નં. ૩ નાએ પ્રતિવાદી નં. ૧ અને ૨ ને આપેલ પ્લોટ નં. ૧ અને ૨ ની કબૂલાત રદબાતલ ઠરાવવા હાલનો દાવો લાવી હંગામી મનાઈહુકમ

મેળવવાની અરજી કરવાની ફરજ પડેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧ પ્રતિવાદી નં. ૪ ના ગેરકાયદેસર હુકમના ઓથા હેઠળ દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ કરી રહેલ હોઈ, વાદીઓએ તેઓને દાવાવાળા રસ્તામાં બાંધકામ નહી કરવા જણાવતા તેઓએ વાદી નં. ૧ તથા પટેલ ગણેશભાઈ સરદારભાઈ વિરૂધ્ધ તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો આધારે નામ. કોર્ટમાં રે.દિ.મુ.નં. ૩૯/૨૦૨૨ નો દાવો દાખલ કરેલ છે. પરંતુ સદરહુ દાવાના કામે આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ તેઓના ગેરકાયદેસરના કૃત્ય અંગે રક્ષણ મેળવવા નામ. કોર્ટમાં દાવો દાખલ કરેલ હોઈ, પ્રતિવાદી નં. ૧ ને કોઈપણ રીતે કાયદાનું રક્ષણ મળી શકે તેમ નથી. પરંતુ આ કામના પ્રતિવાદી નં. ૪ નાએ ગેરકાયદેસર રીતે દાવાવાળા રસ્તાની જમીનમાં આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ ને પ્લોટો ફાળવવાનો હુકમ તદ્દન ખોટો, ગેરકાયદેસરનો, હક–અધિકાર વગરનો, સત્તા બહારનો, રેકર્ડ વિરુધ્ધનો, સ્થળ સ્થિતિ વિરૂધ્ધનો, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનો, અન્યાયકારી, એક્તરફી તથા બનાવટી દસ્તાવેજો ઉભા કરી ખોટો કરવામાં આવેલ હોઈ, તે પ્રથમ દૃષ્ટિએ જ શરૂઆતથી જ રદબાતલ છે. તેમ છતાં, તેવા નલ એન્ડ વોઈડ હુકમના ઓથા હેઠળ આ કામના પ્રતિવાદી નં. ૧ દાવાવાળા રસ્તામાં બાંધકામ કરવાના પ્રયત્નો કરી રહેલ હોઈ, પ્રતિવાદી નં. ૪ ના હુકમ નં. એ. ૧/જમીન/વશી/૩૯૨/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ રદબાતલ ઠરાવવા હાલનો દાવો લાવી હંગામી મનાઈહુકમ મેળવવાની અરજી કરવાની ફરજ પડેલ છે.

**૧.૪)** વધુમાં, વાદી/અરજદાર તેઓની અરજીમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૪ ના હુકમ નં. એ.૧ જમીન નં. હુકમ નં. ૨૦૦૨,

તા. ૨૪/૦૬/૨૦૦૨ ના હુકમ આધારે પ્લોટ નં. ૯ મેળવેલ છે. તેમજ, ત્યારબાદ, ફરીથી પ્રતિવાદી નં. ૧, ૨ નાએ તથા તેમના કુટુંબની વ્યક્તિઓએ પ્રતિવાદી નં. ૪ ના હુકમ નં. એ.૧/ જમીન વશી /૩૯૬/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ થી પ્લોટ નં. ૧ થી ૪ મેળવેલ છે. તેમજ, ફરીથી તદ્દન ખોટું જાહેર હરાજીનુ પ્રોસીડીંગ ઉભું કરી કરાવી પ્રતિવાદી નં. ૪ ના હુકમ નં. એ.૧/જમીન/વશી/૩૯૨ /૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ આધારે પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ પ્લોટ નં. ૧ અને ૨ મેળવેલ છે. જેથી, પ્રતિવાદી નં. ૧ અને ૨ ની માલિકીના સદરહુ પ્લોટ નં. ૧ અને ૨ સિવાય તે જ જગ્યાએ અન્ય પ્લોટો આવેલ છે. જેથી, પ્રતિવાદી નં. ૧ અને ૨ ને દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ કરતા અટકાવવામાં આવે તો તેમના અન્ય પ્લોટોમાં બાંધકામ કરી રહેણાંકનુ મકાન બનાવી શકે તેમ છે. તે સંજોગોમાં વાદીઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈપણ પ્રકારનુ નુકશાન થાય તેમ નથી. ઉલ્ટાનુ પ્રતિવાદી નં. ૧ અને ૨ વાળા તદ્દન ખોટા અને ગેરકાયદેસરના હુકમના ઓથા હેઠળ દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ કરી રહેલ હોઈ, તેમજ દાવાવાળો રસ્તો વાદીઓના મકાનોમાં આવવા જવાનો કાયદેસરનો રસ્તો હોઈ, પ્રતિવાદી નં. ૧ અને ૨ ને દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ કરતા અટકાવવામાં આવે તો પ્રતિવાદી નં. ૧ અને ૨ ને કોઈ જ નુકશાન થાય તેમ નથી. પરંતુ જો પ્રતિવાદી નં. ૧ અને ૨ ને દાવાવાળા રસ્તાની જમીનમાં બાંધકામ કરતા અટકાવવામાં ન આવે તો અમો વાદીઓના મકાનોમાં આવવા જવાનો કાયદેસરનો રસ્તો બંધ થઈ જાય તેમ હોઈ, વાદીઓને અનહદ, પારાવાર, નાણામાં ભરપાઈ ન થઈ શકે તેટલુ મોટું નુકશાન થાય તેમ છે. આ તમામ સંજોગો જોતાં, આ વાદીઓનો

પ્રાઈમાફેસી કેસ છે. તેમજ, ન્યાયની સમતુલા પણ વાદીઓની તરફેણમાં છે. તેમજ, પ્રતિવાદીઓનુ કૃત્ય ગેરકાયદેસરનુ અને કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધનું હોઈ, પ્રતિવાદીઓ વિરૂધ્ધ મનાઈહુકમ ફરમાવવાની નામ. કોર્ટને સત્તા અને હકૂમત છે. જેથી, પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલની હંગામી મનાઈહુકમ મેળવવાની અરજી કરવાની ફરજ પડેલ છે. તેમ જણાવી અરજ ગુજારેલ છે કે,

(૧) પ્રતિવાદી નં. ૪ તાલુકા વિકાસ અધિકારીશ્રી, વડગામના હુકમ નં. એ.૧/જમીન /વશી/ ૩૯૨/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ આધારે પ્રતિવાદી નં. ૧ અને ૨ વાળાને હંગામી મનાઈહુકમની અરજીના પેરા – ૩ માં જણાવેલ દાવાવાળા રસ્તામાં ગેરકાયદેસર રીતે ફાળવવામાં આવેલ પ્લોટ નં. ૧ અને ૨ માં પ્રતિવાદી નં. ૧ અને ૨ જાતે કે તેમના નોકરો–ચાકરો કે મળતીયાઓ મારફત કોઈપણ જાતનુ બાંધકામ કરે કરાવે નહી કે વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈ રીતે તબદીલ કરે કરાવે નહિ, તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ આ દાવાના આખરી નિકાલ થતા સુધીનો હંગામી મનાઈહુકમ ફરમાવવા મહે. થશે.

(૨) આ અરજીનુ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા મહે. થશે.

(૩) બીજી યોગ્ય અને મુનાસીબ લાગતી દાદ આપવા મહે. થશે.

**૨.)** પ્રતિવાદીઓને સદર દાવાને કામે નોટીસ ઇસ્યુ કરતાં, પ્રતિવાદી નં.૪ નાઓએ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર રહીને વાદીના દાવા અને હાલની આંક–૦૫ ની અરજીનો જવાબ આંક–૨૧ થી રજુ કરેલ છે. તેઓ પોતાના દાવા જવાબમાં વાદીની દાવા અરજીની હકીકતો ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવી ખરી હકીકત

જણાવેલ છે કે, આ કામના વાદી ની મનાઈઅરજી ના પેરા – ૧૨ માં માગ્યા મુજબ ની કોઈ પણ દાદ મેળવવા હકદાર ન હોઈ વાદીની હંગામી મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા તથા પ્રતિવાદીને વિશીષ્ટ વળતર અપાવવા નમ્ર અરજ છે.

૩.) પ્રતિવાદી નં.૧,૨ નાઓએ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર રહીને વાદીના દાવા અને હાલની આંક–૦૫ ની અરજીનો જવાબ રજુ કરેલ છે. તેઓ પોતાના દાવા જવાબમાં વાદીની દાવા અરજીની હકીકતો ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવી ખરી હકીકત જણાવેલ છે કે, તેઓ પ્રતિવાદી જવાબમાં જણાવેલ સરનામે વર્ષોથી રહે છે અને ખેતી નુ કામકાજ કરી તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. પ્રતિવાદીને મોજે નવી સેંધણી, તા. વડગામ,જી.બ.કા. મુકામે તાલુકા વિકાસ અધિકારી સાહેબ શ્રીની કચેરી વડગામ ના હુકમ નં.એ. ૧/જમીન/વશી/૩૯૨/૧૭, તા. ૦૪/૦૫/૨૦૧૭ ના હુકમથી પ્રતિવાદીઓ અને તેમની માતા અને ભાઈ ને સળંગ ચાર પ્લોટો મળતા, પ્રતિવાદી સદર પ્લોટના માલીક બનેલા અને સદર પ્લોટમાં ગ્રામ પંચાયત નવી સેંઘણી ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, વડગામ પાસેથી રજીસ્ટરમાં નોંધણી કરાવી આકરણી મેળવી નીચમીત વેરા ભરતા આવેલ છે અને સદર પ્લોટમાં ગ્રામ પંચાયત નવી સેંધણી પાસેથી ગ્રામ પંચાયતના ઠરાવ નં. ૩(૨),તા. ૧૩/૦૩/૨૦૨૦ ના રોજ બાંધકામ માટેની પરવાનગી પણ મેળવેલ છે. અને ત્યારથી પ્રતિવાદી સદર પ્લોટોના કાયદેસર માલીક બનેલા હોવાથી તેનો નિયમીત અને શાંત કબજો ભોગવટો ધરાવે છે.

૩.૧) પ્રતિવાદી નં.૧,૨ વધુમાં અરજીના જવાબમાં જણાવે છે કે, પ્રતિવાદી નવી સેંધણી ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટરે નોંધાયેલ મિલ્કત નં.૪૧૨ નો પ્લોટ નં. ૧ જેનુ ક્ષેત્રફાઈ લંબાઈ x પહોળાઈ ૩૦×૨૦ = ૬૦૦ ચો.ફુટ અને ૫૫–૭૪–૧૮ ચો.મી.વાળા ધરાવે છે અને સદર પ્લોટની ઉતર તરફે પટેલ ગણેશભાઈ સરદારભાઈ નો વાડો આવેલ છે અને સદર વાડામાં પટેલ ગણેશભાઈ સરદારભાઈ એ ગ્રામ પંચાયતને કોઈ પણ જાતની પરવાનગી વગર બાંધકામ કરેલ છે, ઉતર થી દક્ષિણ તરફ ૩૦ ફુટ સરકારી જમીનમાં ૧૨ ફુટ દબાણ અને પૂર્વથી પશ્ચિમ દિશા તરફ આવેલ ૧૦ ફુટમાં તેમની આંગણવાહીમાં ૭ ફુટ જેટલું દબાણ કરેલ છે અને પ્રતિવાદીના પ્લોટ નં. ૧ ની પૂર્વ થી પશ્ચિમ તરફ વાડા ની પાછળ અડી ને આવેલ ૧૦ ફુટ પ્રતિવાદીના પ્લોટની આંગણવહી માં ૭ ફુટ જેટલું દબાણ કરી દીધેલ છે અને તેની ઉપર પાકુ બાંધકામ કરેલ છે અને વાદીએ પ્રતિવાદીના પ્લોટની પશ્ચિમ દિશા એ આવેલ પ્લોટ નં. ૧ ની ઉતર દિશાએ તેમની માલીકીનો કોઈપણ જાતનો અવર–જવર નો રસ્તો ન હોવા છતા પ્રતિવાદીના પ્લોટ માંથી અવર–જવર કરે છે. જે ગેરકાયદેસરનુ કૃત્ય કરે છે અને પ્રતિવાદીના પ્લોટનો ખાનગી રસ્તા માટે ઉપયોગ કરે છે. જે બાબતે પ્રતિવાદીએ આ વાદીઓને સમજાવા છતાં વાદીઓ પ્રતિવાદીઓનુ સાંભળતા નથી. પ્રતિવાદી ઉપરોકત પ્લોટના કાયદેસર રીતે માલીક બનેલ છે અને વર્ષો થી તેમનો કબજો ભેગવટો આવેલ છે અને ગ્રામ પંચાયતની બાંધકામની પરમીશન મેળવી બાંધકામ કરવાની તૈયારીઓ કરતા હોઈ આ કામના વાદી પ્રતિવાદીને ધાક ધમકીઓ આપી તેમના પ્લોટનો ગેરકાયદેસર ઉપયોગ કરવા માગતા હોવાથી પ્રતિવાદી કહેવા

જતાં વાદી થાય તે કરી લો ની ધમકી આપે છે. જેથી વાદીના આવા કૃત્ય ને બંધ કરાવવા ન્યાય ના હીતમાં જરૂરી છે.

**૩.૨)** પ્રતિવાદી નં.૧,૨ વધુમાં અરજીના જવાબમાં જણાવે છે કે, આ કામના વાદી ખુબ જ માથા ભારે અને સુખી સંપન્ન હોઈ કાયદો હાથ માં લઈ આંગણવાહી ની જમીન નો ગેરકાયદેસર ઉપયોગ કરી પટેલ ગણેશભાઈ સરદારભાઈ એ દબાણ કરી પાકુ બાંધકામ કરી દીધેલ છે અને વાદી તેઓ પ્રતિવાદી માલીકીના પ્લોટનો ગેરકાયદેસર અવર–જવર કરવા માટે રસ્તા બનાવવા માગતા હોઈ અને આવા હકો વાદીના કાયદેસરના ના હોઈ અને રેકર્ડ ઉપરના પુરાવા બતાવા છતાં વાદી કોઈ રીતે માનવા તૈયાર નથી. જેથી પ્રતિવાદીએ વાદી અને પટેલ ગણેશભાઈ સરદારભાઈ અમારા વકીલ મારફતે તા. ૦૭/૦૩/૨૦૨૨ ના રોજ દબાણ દુર કરવા નોટીસ આપેલ. જે નોટીસ પટેલ ગણેશભાઈ સરદારભાઈ ને બજેલ હોવા છતાં દબાણ દુર કરેલ નથી અને વાદીને વારંવાર તેમના પ્લોટમાંથી રસ્તો ન બનાવવા રજુઆતો કરવા છતાં માનેલ ન હોય નામદાર કોર્ટ માં રે.દિ.મુ.નં.૩૯/૨૨ થી દાખલ કરેલ છે જેમાં વાદી પ્રતિવાદી તરીકે છે. પ્રતિવાદી તરફેનો આ મજબુત પ્રાથમિક કેસ છે. સગવડોની સમતુલા પ્રતિવાદી તરફે છે. જો વાદીના ગેરકાયદેસરના કૃત્યને તોડવા કે રોકવામાં ન આવે અને તેમના પ્લોટનો ગેરકાયદેસર ઉપયોગ કરવા દેવા માં આવે તો તેઓ પ્રતિવાદી ને ખુબ જ મોટું નુકશાન ભોગવવાનો વારો આવે તેમ છે અને સારા નરસાપ્રસંગે ખુબ જ હાલાકી ભોગવવાનો વારો આવે તેમ છે અને વાદીના આવા કૃત્યો રોકવામાં ન આવેતો મોટા લીટીગેશનમાં ઉતરવાનો વારો આવે તેમ છે અને તેનો મોટો ખર્ચ થાય. જેથી વાદી ની

હરકત બંધ કરાવવા કાયમી મનાઈ હુકમ આપવો જરૂરી છે. જેની માંગણી અલગ રે.દિ.મુ.નં. ૩૯/૨૨ માં કરેલ છે.

૩.૩) પ્રતિવાદી નં.૧,૨ વધુમાં અરજીના જવાબમાં જણાવે છે કે, આ કામે વાદીના મિલ્કત નં. ૨૫૪,૨૪૫/૧,૨૫૫ તથા ૪૧૮ માં જવા આવવાનો રસ્તો જાહેર નથી તે ખાનગી રસ્તો હતો. જેના ઉપર વાદી કે ગ્રામ પંચાયતનો કોઈ હકક હીસ્સો રહેતો નથી, અને સેંધણી થી ડભાડ ગામ તરફ જતા આર.સી.સી. રોડ ને મળે છે. તેમાં સરકારી સરક્ષણ દીવાલ વર્ષોથી પંચાયતે બનાવેલ છે જેથી કાયદેસર રસ્તો આવેલ નથી. વધુમાં વાદીએ તેઓ પ્રતિવાદીને ફાળવેલ પ્લોટ તાલુકા વિકાસ અધિકારી વડગામ ના હુકમને આજદિન સુધી ઉપલી ઓથોરીટી સમક્ષ પડકારેલ નથી કે ગ્રામ પંચાયતે આપેલ પરવાનગી ને પણ ચેલેન્જ કરેલી નથી અને સદર દાવો પાંચ વર્ષ પછી ચોખ્ખા હાથે લાવેલ નથી જેથી દાવો દાખલ કરવામાં પણ વાદી મોડા પડેલ હોઈ હાલનો દાવો ખર્ચ સહિત રદ કરવા હુકમ કરવા મહે. થશો. તેમ જણાવી અરજ કરેલ છે કે,

(૧). ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ, વાદીનો દાવો તથા હંગામી મનાઈ હુકમની અરજી ખર્ચ સાથે રદ કરવા મહે. થશે.

(૨). બીજી યોગ્ય અને મુનાસીબ લાગતી દાદ આપવામાં મહે. થશે.

૪.) પ્રતિવાદી નં.૩ નાઓએ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર રહીને વાદીના દાવા અને હાલની આંક-૦૫ ની અરજીનો જવાબ રજુ કરેલ છે. તેઓ પોતાના દાવા જવાબમાં વાદીની દાવા અરજીની હકીકતો ખરી નથી અને તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવી ખરી હકીકત જણાવેલ છે કે, આ કામના વાદી ની મનાઈઅરજી ના પેરા - ૧૨ માં

માગ્યા મુજબ ની કોઈ પણ દાદ મેળવવા હકદાર ન હોઈ વાદીની હંગામી મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા તથા પ્રતિવાદીને વિશીષ્ટ વળતર અપાવવા નમ્ર અરજ છે.

૫.) અરજી અન્વયે વાદી/અરજદારના વિ.વકીલ એ.એમ.સુણસરા, પ્રતિવાદી નં.૩ તરફે વિ.વકીલશ્રી બી.બી.સોલંકી અને પ્રતિવાદી નં.૪ તરફે વિ.વકીલશ્રી એમ.એસ.વ્યાસ નાઓને વિગતવાર સાંભળ્યા. પ્રતિવાદી નં.૧,૨ તરફે વિ.વકીલશ્રી એસ.એન.નાઈ નાઓને લેખીત દલીલ આપેલ છે. તેઓએ પોતાની દલીલમાં દાવા અરજી અને દાવા જવાબની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીથી ચર્ચા કરેલ નથી.

૬.) સદરહું અરજી અનુસંધાને વાદીએ પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમનો અને જાહેરાતનો દાવો લાવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ આ કામના વાદી સામે કાયમી મનાઈ હુકમનો અને જાહેરાતનો દાવો, રે.દિ.મુ.નં. ૩૯/૨૦૨૨ થી લાવેલ છે. વાદીપક્ષે રજુઆત છે કે, પ્રતિવાદી નં.૪ નાઓએ પ્રતિવાદી નં.૧ અને ૨ વાળાને ગેરકાયદેસર રીતે પ્લોટ નં.૧ અને ૨ ફાળવેલ છે અને તે હુકમ હેઠળ પ્રતિવાદી નં.૧ અને ૨ ને દાવા વાળા રસ્તામાં બાંધકામ કરવાના કોઈ હક્ક અધિકાર નથી. જયારે પ્રતિવાદી નં.૧ અને ૨ દ્વારા હાલના વાદી સામે રે.દિ.મુ.નં. ૩૯/૨૦૨૨ થી દાવો લાવેલ છે તેમાં રજુઆત છે કે, તેઓની  મિલકત નં. ૪૧૨ જેનો પ્લોટ નં.૧ ની ઉતર તરફે પ્રતિવાદી નં.૧ એ ગેરકાયદેસર દબાણ કરેલ છે અને પ્લોટ નં.૧ ની પશ્ચિમ તરફે આવેલ પ્લોટ નં.૧ ની ઉતર દિશાએ પ્રતિવાદી નં.૨ ( હાલના દાવાના વાદી)ની માલિકીનો કોઈ અવરજવર કરવાનો રસ્તો નથી. આમ, પક્ષકારો વચ્ચે પ્લોટની

ફાળવણી બાબતે અને તે પ્લોટની બાજુમાં રસ્તો હોવા/ ન હોવા બાબતે ની તકરાર છે અને બંને પક્ષકારોએ એકબીજા સામે દાવા કરેલ છે. બંને દાવામાં હંગામી મનાઈહુકમની અરજી છે. બંને પક્ષે મિલકતની સનદો અને કબુલાત રજુ કરવામાં આવેલ છે. ડી.આઈ.એલ.આર દ્ધારા દાવાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે.પરંતુ  બંને પક્ષકારોની તકરાર સંબંધે વધુ પુરાવો લેવો જરૂરી છે. બંને પક્ષે પુરાવા લીધા બાદ જ નક્કી થઈ શકશે કે પ્લોટની ફાળવણી ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ છે કે કેમ ? તેમજ બંને પક્ષે પુરાવા લીધા બાદ જ નક્કી થઈ શકશે કે પ્લોટની બાજુમાં દબાણ છે કે કેમ ? અને તેની બાજુમાં રસ્તો છે કે કેમ ? આમ, બંને પક્ષકારોએ જણાવેલ હકીકતો પરત્વે પુરાવો લેવો જરૂરી છે અને પક્ષકારો વચ્ચેની તકરાર નો પુરાવા લીધા બાદ જ નિર્ણય થઈ શકે તેમ છે ત્યારે મલ્ટીસીપ્લીટી ઓફ પ્રોસીડીંગ અટકાવવા દાવા વાળી જગ્યાની યથાવત પરીસ્થિતિ જાળવી રાખવી જરૂરી છે. જેથી ઉપરોક્ત તમામ હકીકતને ધ્યાને લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- વાદીઓની આંક-૦૫ ની હંગામી મનાઈહુકમ મેળવવાની અરજી આ તબક્કે આથી ના મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- પક્ષકારોએ દાવાના આખરી હુકમ સુધી દાવાવાળી જગ્યાની યથાવત પરીસ્થિતિ જાળવી રાખવી.
- સદર હુકમ માત્ર પક્ષકારોને જ બંધનકર્તા રહેશે.

- પક્ષકારોએ દાવાના ઝડપી નિકાલ માટે સહકાર આપવો.
- ખર્ચ અંગે હાલ કોઈ હુકમ નથી. ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરસે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૮/૨૦૨૪ — આર.એચ.ચૌહાણ

વડગામ — પ્રિન્સીપાલ સિવિલ જજ,વડગામ

જીજે૦૧૬૧૨